# ડુમસના ઈલેક્ટ્રિશિયન સાથે રૂ.૨૮.૧૩ લાખની ઠગાઈ

**ઠગે** રસ્તામાંથી ઉઠાવી લઇશ લાશ પણ નહીં મળે તેવી ધમકી આપી

સુરતઃડુમસ વિસ્તારમાં રહેતા અને ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા યુવકને શેરબજાર, જમીન-મકાનની દલાલી તથા બિટકોઈનમાં રોકાણ પર મહિને ૫ ટકા વળતર આપવાની લાલચ આપી રૂ. ૨૮.૧૩ લાખથી વધુની રકમ પડાવી લેવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.

ડુમસ ગામના ન્યુ આમલી ફળિયામાં પરિવાર સાથે રહેતા અને ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા મેહુલ ભરતભાઈ પટેલ દરરોજ સવારે સુરત એરપોર્ટ સામે આવેલા સિદ્ધિ વિનાયક ગણેશ મંદિરે દર્શન કરવા જતા હતા.ત્યાં મૂળ રાજસ્થાનના ચિત્તોડગઢના અને હાલ પાલ આરટીઓ ઓફિસ પાસે રહેતા રીપુ સુદાન નામના ઈસમ સાથે તેમની ઓળખાણ થઈ હતી.રીપુ સુદાને પોતે જમીન-મકાનની દલાલી અને શેરબજારનો મોટો ધંધાર્થી હોવાની વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ કોઈપણ જાતના નુકસાન વગર દર મહિને ૫ ટકા વળતર આપવાની લોભામણી લાલચ આપી ફેબ્રુઆરી-૨૦૨૩થી ઓનલાઈન ટ્રાન્સફર મારફતે રૂ. ૨૩.૨૪ લાખથી વધુની રકમ મેળવી લીધી હતી.તેણે નાણાં પાછા માંગતા બિટકોઈનમાં ફસાઈ ગયાનું બહાનું બતાવ્યું હતું. ત્યારબાદ મેહુલને ધમકાવવાનું શરૂ કરી, "જો તું વધારે નાણાં નહીં આપે તો અગાઉ આપેલા તમામ નાણાં ઝીરો થઈ જશે." આ ડર બતાવીને માર્ચ-૨૦૨૪થી જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન યુપીઆઈ મારફતે રૂ. ૧.૮૨ લાખથી વધુની રકમ બળજબરીથી કઢાવી લીધી હતી.જાન્યુઆરી-૨૦૨૬માં મેહુલે પોલીસ ફરિયાદ કરવાની ચેતવણી આપતાં જ જનૂની બનેલા રીપુ સુદાને ફોન પર ધમકી આપી હતી કે, "હજુ તું મને ઓળખતો નથી, મારી સાથે મોટી ગેંગ છે અને ઘણા મર્ડર કર્યા છે. જો પોલીસમાં ગયો તો નોકરીએ જતી વખતે રસ્તામાંથી ઉઠાવી મારી નાખીશ અને લાશ પણ નહીં મળે.આ ધમકીથી ડરી ગયેલા મેહુલે વધુ રૂ. ૩.૦૬ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા.તમામ બચત અને સંબંધીઓ પાસેથી લીધેલા નાણાં ડૂબી જતાં મેહુલ માનસિક તણાવમાં આવી ગયો હતો.આખરે પરિવારજનોએ હિંમત આપતાં તેમણે ડુમસ પોલીસ મથકે રીપુ સુદાન વિરુદ્ધ રૂ. ૨૮,૧૩,૭૦૦ની ઠગાઈ અને બળજબરીથી નાણાં કઢાવવાની ફરિયાદ નોંધાવી છે.

# સુરત-હૈદરાબાદ ફ્લાઈટ 15 કલાકના વિલંબ બાદ રાત્રે 10.05 વાગ્યે પહોંચશે

**સવારે** 7.55ના બદલે રાત્રે આગમન

**ફરી** એકવાર સુરત-દુબઈ ફ્લાઈટ સાથે ટાઈમિંગ મેચ કરાયો

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સંચાલિત હૈદરાબાદ-સુરત ફ્લાઈટના સમયપત્રકમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ફ્લાઈટને અંદાજે 15 કલાકનો વિલંબ કરવામાં આવ્યો છે, જેના કારણે હવે આ ફ્લાઈટ સવારે 7.55 વાગ્યે પહોંચવાને બદલે રાત્રે 10.05 વાગ્યે સુરત એરપોર્ટ પર પહોંચશે. સમયમાં થયેલા આ મોટા ફેરફારથી મુસાફરોના પ્રવાસ આયોજન પર સીધી અસર થવાની સંભાવના છે. એવિએશન ક્ષેત્રના સૂત્રોના જણાવ્યા મુજબ, નવા સમયપત્રક હેઠળ એરલાઈન ફરી એકવાર હૈદરાબાદ-સુરત-દુબઈ-સુરત-હૈદરાબાદ (HYD-STV-DXB-STV-HYD) રોટેશન મુજબ વિમાનનું સંચાલન કરવાની તૈયારીમાં છે. અગાઉ પણ આ જ પ્રકારની કામગીરી કરવામાં આવતી હતી, જેમાં હૈદરાબાદથી આવેલું વિમાન સુરતથી દુબઈ માટે ઉડાન ભરતું અને ત્યારબાદ દુબઈથી પરત આવી ફરી હૈદરાબાદ જતું હતું.

એરલાઈન દ્વારા ફ્લાઈટના સમયમાં કરાયેલા આ ફેરફારથી વિમાનનો વધુ કાર્યક્ષમ ઉપયોગ, ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટ વચ્ચે સંકલન તેમજ ઓપરેશનલ સુવિધા વધારવાનો પ્રયાસ હોવાનું માનવામાં આવે છે. જોકે, સવારે મુસાફરી પસંદ કરતા વ્યવસાયિક મુસાફરો અને કનેક્ટિંગ ફ્લાઈટ ધરાવતા મુસાફરોને નવા સમયપત્રકને કારણે મુશ્કેલી પડી શકે છે.

# આજે રવિવારે તમામ કાપડ માર્કેટ ખુલ્લી રાખવા ફોસ્ટાની અપીલ

**જળભરાવાની** સ્થિતિ વચ્ચે વેપારને ગતિ આપવા નિર્ણય

**પૂરગ્રસ્ત** કમિટીઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવા સૂચન

સુરત : દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ અને જળભરાવને કારણે કાપડ વેપાર પર વારંવાર પ્રતિકૂળ અસર પડી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડ એસોસિયેશન (ફોસ્ટા) દ્વારા શનિવારે સાંજે મહત્વપૂર્ણ સૂચના જાહેર કરી રવિવાર, તા. 2 ઓગસ્ટે રિંગરોડ વિસ્તારના તમામ કાપડ માર્કેટ સંપૂર્ણપણે ખુલ્લા રાખવા અપીલ કરવામાં આવી છે. ફોસ્ટાના પ્રમુખ હંસરાજ જૈન અને મહામંત્રી દિનેશ કટારિયાના હસ્તાક્ષરથી જાહેર કરાયેલી સૂચનામાં જણાવાયું છે કે ભૂતકાળમાં અનેક વખત જળભરાવની વિકટ પરિસ્થિતિ સર્જાતા કાપડ વેપારને ભારે ફટકો પડ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી પણ વેપાર પ્રભાવિત રહ્યો હોવાથી હવે વેપારને ફરી ગતિ આપવા માટે તમામ માર્કેટ એસોસિયેશનના પ્રમુખો, સચિવો, મેનેજરો તથા વેપારીઓએ સહયોગ આપવો જરૂરી છે.

ફોસ્ટાએ ખાસ કરીને રિંગરોડ વિસ્તારના તમામ કાપડ માર્કેટને રવિવારે નિયમિત રીતે કાર્યરત રાખવા અનુરોધ કર્યો છે, જેથી વેપારીઓને વેપાર પુનઃ શરૂ કરવામાં સરળતા રહે અને નુકસાનની ભરપાઈ તરફ આગળ વધી શકાય. સાથે જ સારોલી, પૂણા-કુંભારિયા, કંગારૂ સર્કલ, ગોડાદરા સહિતના વિસ્તારોની તમામ માર્કેટ કમિટીઓને પોતાના વિસ્તારની પાણી ભરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક સ્તરે સહયોગાત્મક નિર્ણય લેવા પણ સૂચના આપવામાં આવી છે.

ફોસ્ટાએ તમામ માર્કેટ કમિટીઓને વેપારીઓને શક્ય તેટલો સહયોગ આપવા અપીલ કરતાં જણાવ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ અને જળભરાવને કારણે પ્રભાવિત થયેલા વેપારને ફરી ગતિ આપવા સૌએ સંકલિત પ્રયાસો કરવાની જરૂર છે. ફોસ્ટાએ વધુમાં વેપારીઓને અપીલ કરી છે કે સંસ્થાની તમામ સત્તાવાર માહિતી અને સૂચનાઓની પ્રમાણિકતા જાણવા માટે 'ફોસ્ટા ફોરમ' એપ્લિકેશનનો ઉપયોગ કરે, જેથી સમયસર સાચી અને અધિકૃત માહિતી મળી રહે.

## રૂ. 45 હજારના લેપટોપની ચોરી કરનાર બેરોજગાર ઝડપાયો

સુરતઃકતારગામ વિસ્તારમાં આવેલા હનુમાન ફળિયામાંથી બી.સી.એ.ના વિદ્યાર્થીના ઘરેથી રૂ. 45,000ની કિંમતનું લેપટોપ ચોરાઈ ગયું હતું. જેમાં પોલીસે ચોર મયુર શૈલેશભાઈ પટેલ (ઉં.વ. ૨૩, રહે. હનુમાન મોહલ્લો, વી.એન. ગોધાણી સ્કૂલ પાસે, કતારગામ) ની ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી હતી. કતારગામ આશ્રમ સર્કલ પાસે શક્તી ભોજનાલયની બાજુમાં આવેલા હનુમાન ફળિયામાં ૨૧ વર્ષીય મીત અશ્વીનભાઈ પટેલ પોતાના સંયુક્ત પરિવાર સાથે રહે છે. મીત અમરોલી સ્થિત આર.વી. પટેલ કોલેજમાં બી.સી.એ.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેણે પોતાના અભ્યાસ અને પ્રોજેક્ટના કામકાજ અર્થે રૂ. 45,000ની કિંમતનું લેનોવો કંપનીનું લેપટોપખરીદ કર્યું હતું. ગત તા. 08/05/2026ના રોજ તેણે આ લેપટોપ પોતાના ઘરના કબાટમાં મૂક્યું હતું. તેની ચોરી થઇ ગઇ હતી.

## દારૂની હેરાફેરીના કેસમાં ગુજસીટોકના આરોપીને જામીન મળ્યાં

સુરતઃ ગુજસીટોક હેઠળ નોંધાયેલા દારૂની હેરાફેરીના કેસમાં દમણનાં આરોપી રોશન ઉર્ફે રોશન ભૈયા ઉમેશભાઈ ઠાકુરનાં કોર્ટે જામીન મંજૂર કર્યા હતાં. આરોપી સામે ગુજરાતમાં પ્રતિબંધિત વિદેશી દારૂની હેરાફેરી, સંગ્રહ અને વેચાણ કર્યું હોવાનો આક્ષેપ છે. આરોપીએ જામીન અરજી કરી હતી. અરજીની તરફેણમાં એડવોકેટ રિદ્ધિશ મોદી, મુકુંદ રામાણીએ અન્ય આરોપીઓને જામીન મળ્યાં હોવાથી પેરિટીનો લાભ આપવા વિનંતી કરી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

# લિંબાયતમાં પૂરના પાણી વચ્ચે ચોરી કરનાર ઝડપાયા

**સોના**-ચાંદીના દાગીના સહિત રૂ.૮૯,૦૦૦નો મુદ્દામાલ જપ્ત

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિનો ગેરલાભ ઉઠાવી બંધ મકાનોને નિશાન બનાવતી ચોર ગેંગને ઝડપી પાડી લિંબાયત પોલીસે રૂ. ૮૯,૦૦૦ની કિંમતના સોના-ચાંદીના કબજે લીધા છે.

લિંબાયતના પીઆઈ ડી.ડી ચૌહાણે માહિતી આપતા જણાવ્યું હતું કે આશરે છ-સાત દિવસ પહેલાં કમરૂનગર વિસ્તારમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઘરોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશો મકાનો બંધ કરીને સુરક્ષિત સ્થળે ચાલી ગયા હતા.આ સ્થિતિનો લાભ લઈ આરોપી ઉવેશ નાઝીરશા શાહ અને કલીમ ઉર્ફે સતાર સલીમ શેખે પોતાના અન્ય ચાર સાગરીતો (અબુ કાલીયા, મોઈન કાલીયા, આદિલ અને રેહાન) સાથે મળી કાવતરું રચ્યું હતું. તસ્કરોએ કમરૂનગર નવી ટેનામેન્ટની બિલ્ડીંગના રૂમ નં. 6 ના દરવાજાનું તાળું તોડી અંદરથી સોનાના દાગીના અને રોકડની ચોરી કરી હતી. સર્વેલન્સ સ્ટાફના અંકિતભાઈ, નિકુલસિંહ, બ્રિજરાજસિંહ અને ચેતનકુમારે આસપાસના ૧૦૦થી વધુ CCTV ફુટેજ ચકાસી ટેકનિકલ વર્કઆઉટ કર્યું હતું. હ્યુમન સોર્સ અને બાતમીદાર મારફતે ચોક્કસ લોકેશન મળતાં પોલીસે મીઠીખાડી SMC કચરાના પ્લાન્ટ પાસેથી બંને આરોપીઓ ઉવેશ નાઝીરશા શાહ(ઉં.વ. ૨૪, ધંધોઃ AC રીપેરીંગ, રહે. કમરૂનગર, લિંબાયત) તથા કલીમ ઉર્ફે સતાર સલીમ શેખ (ઉં.વ. ૧૮, ધંધોઃ મજુરી, રહે. કમરૂનગર, લિંબાયત)ને પકડી લીધા હતાં.

# મોટા વરાછાના પીઝા સેન્ટરમાં ધડાકા સાથે ભીષણ આગ

**સેન્ટર** બંધ હોવાથી મોટી જાનહાનિ ટળી



સુરતઃ શુક્રવારે મોડી રાત્રે શહેરનાં મોટા વરાછા સ્થિત લજામણી ચોક ખાતે આવેલા એક પીઝા સેન્ટરમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતાં વિસ્તારમાં અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. મોડી રાત્રે ધડાકાઓના પણ અંદરથી અવાજ આવતા લોકો પણ ગભરાયા હતા. આગની વિકરાળ લપટો દૂર દૂર સુધી દેખાતાં લોકોમાં ભયનો માહોલ ફેલાય ગયો હતો. ઘટના અંગે જાણ કરવામાં આવતા ચાર અલગ અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ભીષણ આગને કાબૂમાં લેવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

ફાયર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મોટા વરાછા લજામણી ચોક ખાતે આવેલા ઓપેરા બિઝનેસ હબનાં બીજા માળ ઉપર ઈન્ફર્નો પિઝા સેન્ટર આવ્યું હતું. શુક્રવારે મોડી રાત્રે 1:00 કલાકે આ પીજા સેન્ટરમાં અચાનક ભભૂકી ઉઠી હતી અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા દૂર દૂર સુધી આગની જ્વાળાઓ દેખાવવા લાગી હતી જેને પગલે સ્થળ પર ભારે નાસભાગ મચી ગઈ હતી.લગભગ 1 વાગે ફાયર કંટ્રોલનુ જાણ કરવામાં આવતા ચાર અલગ અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ પર કાબૂ મેળવવાની કવાયત હાથ ધરી હતી.આગ એટલી ભીષણ બની ગઈ હતી કંટ્રોલ કરવામાં ફાયરની ટીમને અંદાજે એકાદ ભારે જહેતમ ઉઠાવવી પડી હતી જોકે અંતે ફાયર બ્રિગેડને સફળતા મળી હતી હતી અને આગને કાબૂમાં કરી લેવામાં આવી હતી. આગમાં પીઝા સેન્ટરના ટેબલ, ખુરશીઓ, બારી-બારણાં, કાચ સહિતનો મોટાભાગનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે.ઘટના સમયે પીઝા સેન્ટર બંધ હોવાથી ત્યાં કોઈ કર્મચારી કે ગ્રાહક હાજર ન હતો. જેના કારણે મોટી જાનહાનિ ટળી હોવાનું જાણવા મળ્યું છે.

# 'મારા ઉપર બળાત્કાર થયો નથી હું તો મામાના ઘરે ગઈ હતી'

**ભોગ** બનનાર અને માતા-પિતાએ ફરિયાદ પક્ષને જ સમર્થન આપ્યું નહીં, જેઓ હોસ્ટાઈલ જાહેર થયાં

સુરતઃ ૧૪ વર્ષીય સગીરાને વિધર્મી યુવક ભગાડી લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરવાના કતારગામ પોલીસ સ્ટેશને નોંધાયેલા પોક્સો એકટ સહિતની કલમો અન્વયે ના ગુનામાં ખુદ ભોગ બનનાર અને માતા પિતા પણ હોસ્ટાઈલ જાહેર થતાં કોર્ટે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં મહત્વ નાં સાક્ષીઓ ફરી જતાં આરોપી વિરુદ્ધના આક્ષેપોને પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહ્યું હતું. આંધ્ર પ્રદેશના રહીશ સૈયદ બાસા વિરુદ્ધ ઓગસ્ટ ૨૦૧૯મા ભોગ બનનાર ની માતાએ આરોપીએ 14 વર્ષની દિકરીને લગ્નની લાલચ આપી સુરતથી ભગાડી લઈ જઈ હૈદરાબાદમાં રાખી તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હોવાના તેમજ પોક્સો અને બળાત્કારના ગંભીર ગુનો આચર્યા હોવાની ફરિયાદ કરી હતી.

પરંતુ ટ્રાયલ દરમિયાન ભોગ બનનાર તથા તેના માતા-પિતાએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું નહોતું. ભોગ બનનારે અભ્યાસ બાબતે ઠપકો મળતાં મામાનાં ઘરે ચાલી ગઈ હોવાનું નિવેદન કોર્ટ સમક્ષ આપ્યું હતું. માતા પિતા એ પણ દિકરીના નિવેદન માં સુર પુરાવતા આ ત્રણેય મહત્વનાં સાક્ષીને ફરી ગયેલાં જાહેર કરવામાં આવ્યાં હતાં.

# વેપારીના આપઘાતની દુષ્પ્રેરણા કેસમાં ત્રણની ધરપકડ

**મૃતકની** સ્યુસાઇડ નોટમાં ત્રણેય રૂપિયા હડપ કરી ગયા હતા અને ફ્રોડમાં ફસાવવાની ધમકી આપતા હતા

સુરતઃ મૂળ જુનાગઢના વિસાવદર તાલુકાના મોણીયા ગામના વતની અને હાલ સરથાણા ખાતે મીરા હાઈટ્સમાં રહેતા ભાવિકાબેન કુંજડીયાના પતિ રાજેશભાઈ હરદાસભાઈ કુંજડીયા (ઉં.વ. ૩૯) અગાઉ લિંબાયતમાં એમ્બ્રોઈડરીનું કારખાનું ચલાવતા હતા જો કે મંદીના કારણે તેમણે મશીન બંધ કરી કાપડનો ધંધો શરુ કર્યો હતો. દરમિયાન ફેબ્રુઆરી ૨૦૨૬માં મશીનો વેચી દીધા હતા.મશીન વેચતા આવેલા રૂ. ૧૪ લાખ રોકડા તેમના મિત્ર ઘનશ્યામભાઈ આહિરે કેનેડા જવાના બહાને એકાદ મહિના માટે હાથ ઉછીના લીધા હતા. સમયમર્યાદા પૂરી થતાં રાજેશભાઈએ નાણાં પરત માગતા ઘનશ્યામે પૈસા આપવાની ના પાડી મારી ઉપર સુધી ઓળખાણ છે તેમ કહી ધમકી આપી હતી. આ ઉપરાંત, ઘનશ્યામે રાજેશભાઈના નામે ખાતા ખોલાવી સાયબર ફ્રોડના ધંધામાં ફસાવી દેવાની ધમકી પણ આપતા હતા.સરથાણા પોલીસે મૃતકની પત્ની ભાવિકાબેનની ફરિયાદના આધારે ઘનશ્યામકુમાર મગનભાઈ નકુમ (આહીર) (ઉ.વ. 35,રહે,સી-701, અષ્ટવિનાયક એપાર્ટમેન્ટ, સીતાનગર પાસે, પુણાગામ, સુરત. મૂળ વતન - ગામ બેલમપર, તા. મહુવા, જિ. ભાવનગર),નિક્ષિત ઉર્ફે રિકી મુકેશભાઈ ઘરસંડીયા (ઉ.વ. 27,રહે. બી-36, અનમોલ પાર્ક સોસાયટી, સરથાણા જકાતનાકા, સુરત. મૂળ વતન - ગામ જામજોધપુર, જિ. જામનગર) અને આશિષ ઉર્ફે દાઢી બહાદુરભાઈ આહીર (કામળીયા) (ઉ.વ. 32), ધંધો - વેપાર, રહે. 475, સુંદરવન સોસાયટી, કામરેજ ચાર રસ્તા પાસે, કામરેજ, સુરત. મૂળ વતન - ગામ વારસડા, તા. જેતપુર, જિ. રાજકોટ)ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કામરેજમાં સોસાયટીમાં રમતી 7 વર્ષની બાળકીનું કારની અડફેટે મોત

**CCTVમાં** સમગ્ર ઘટના કેદ; આરોપી પણ એ જ સોસાયટીનો રહેવાસી

સુરતઃ સુરતના કામરેજ વિસ્તારમાં આવેલી સૌરાષ્ટ્ર ટાઉનશીપ વિભાગ-1 સોસાયટીમાં કારની અડફેટે બાળકીનાં પ્રાથમિક માહિતી મુજબ, રાત્રે આશરે 9:30 વાગ્યે મહિન્દ્રા કંપનીની કાર સોસાયટીના રસ્તા પર ટર્ન લઈ રહી હતી. તે દરમિયાન રસ્તા પર રમતી જન્નત કારની અડફેટે આવી હતી. ઘટનાના CCTVમાં કાર ટર્ન લેતી વખતે બાળકીને ટક્કર મારતી હોવાનું જોવા મળે છે. અકસ્માત બાદ કારચાલક અજય પોશીયા તરત જ કારમાંથી નીચે ઉતર્યો હતો અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી બાળકીને પોતાની કારમાં બેસાડી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો. જોકે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન બાળકીનું મોત થયું હતું. મૃતક જન્નતનો પરિવાર કામરેજની સૌરાષ્ટ્ર ટાઉનશીપમાં રહે છે. તેના પિતા સંજયભાઈ બોરડ સુરતમાં રત્નકલાકાર તરીકે કામ કરે છે. અકસ્માત સર્જનાર 35 વર્ષીય અજયકુમાર નરસિંહભાઈ પોશીયા પણ એ જ સોસાયટીમાં રહે છે અને કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારખાનામાં મશીનરી એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. ઘટના બાદ સોસાયટીના રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રહીશોનું કહેવું છે કે સોસાયટીના આંતરિક રસ્તાઓ પર બાળકો રમતા હોવાથી વાહનો ખૂબ જ ધીમી ગતિએ ચલાવવાની જરૂર છે.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Bharuch City Division**
B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001
**DGVCL Toll Free No. 19123** (OR 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 8 to 11 (2026-27) are invited for carrying out monthly/ bi-monthly spot meter reading through Android Mobile Devices (PDA), spot billing, and printing & distribution of Smart Meter Bills for Bharuch East, Bharuch West, Panchbatti, Bharuch Rural and Haldarva Sub-Divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

**EE (O&M), Bharuch City Division, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents


## અમરોલીમાં વરસાદમાં એકમાંથી બીજી બિલ્ડિંગમાં કૂદતા કડિયા કામદારનું મોત

સુરતઃ મૂળ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનો વતની અને હાલ અમરોલીના આત્મીય પાર્ક કોમ્પ્લેક્સની બિલ્ડિંગ-બીમાં રહેતો જિજ્ઞેશ કેશુભાઈ પરમાર કડિયા કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના લગ્નને આઠ વર્ષ થયા હતા. ગુરુવારે સાંજે વરસાદ દરમિયાન જિજ્ઞેશ પોતાની ફોઈના ઘરે, જે આત્મીય પાર્કની બિલ્ડિંગ-એના પાંચમા માળે આવેલું છે, ત્યાં ગયો હતો. ત્યારબાદ પોતાના ઘરે પહોંચવા માટે તેણે બંને બિલ્ડિંગને જોડતા ગેલેરીના ભાગમાંથી કૂદકો મારવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, વરસાદને કારણે સપાટી ભીની હોવાથી તેનો પગ લપસી જતાં નીચે પટકાતાં તેનું મોત થયું હતું


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરીઃ 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

**વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેના હોદ્દા માટે તા. ૦૯.૦૮.૨૦૨૬ ના રોજ રાખવામા આવેલ લેખિત પરીક્ષા મુલતવી રાખવા બાબતની સૂચના**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા.૩૧.૦૭.૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે આગામી તા.૦૯.૦૮.૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજનાર વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) સંવર્ગની લેખિત પરીક્ષા વહીવટી કારણોસર હાલ પૂરતી મુલતવી રાખવામા આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા અંગેની નવી તારીખ ઉમેદવારોને વેબસાઈટ ઉપર જણાવવામાં આવશે. જેની તમામ ઉમેદવારો એ નોંધ લેવી તેમજ ઉમેદવારોને DGVCL ની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત



**ઓનલાઈન જાહેર નિવિદા - ૬૪ (૨૦૨૬-૨૭)**
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ,ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે,નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ,મજુરા ગેટ,સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કીમત રૂા.૪૮.૫૪ લાખ થી રૂા.૨૨૦.૯૯ લાખ ની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર મંગાવમાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૧૮-૦૮-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

ક્રમાંક/માહિતી-સુરત/૪૪૬/૨૦૨૬



**ઓનલાઈન જાહેર નિવિદા - ૬૩ (૨૦૨૬-૨૭)**
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કીમત રૂા.૪૦૩૨.૭૫ લાખ થી રૂા.૭૩૦૨.૦૯ લાખ ની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૨૯-૦૮-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. આ કામની પ્રી-બીડ મીટીંગ તા. ૧૭-૦૮-૨૦૨૬ ના ૧૨.૦૦ કલાકના રોજ રાખવામાં આવેલ છે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

ક્રમાંક/માહિતી-સુરત/૪૪૫/૨૦૨૬



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી
ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો. ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧ કે.વી. વેડછા | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૦૬.૦૮.૨૬/ ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૭,૦૦ |

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



**જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૬-૨૭**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા × મ) પ.ટા વિભાગ, જિલ્લા પંચાયત ભવન, જુનાથાણા, નવસારી ફોન નં.(૦૨૬૩૭) ૨૫૮૦૧૨/૨૩૩૫૫૬ ની કચેરી દ્વારા જિલ્લા પંચાયત, નવસારીમાં પહેલા માળે અને બીજા માળે કાર્યરત આર.ઓ. મશીનના વાર્ષિક મરામત અને સાફ સફાઈના ભાવો વર્તમાન તમામ ટેક્ષો સહિતના ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. આ ભાવ અત્રેની કચેરીને તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીમાં મળી જાય તે પ્રમાણે હાથોહાથ / પોસ્ટ થી રવાના કરવાના રહેશે. ભાવના કવર ઉપર " આર.ઓ. મશીનના વાર્ષિક મરામત અને સાફ સફાઈના ભાવો'' એવુ લખવાનું રહેશે. આવેલ ભાવો સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ કામગીરી કરવાની જાણ કર્યાથી કામગીરી સત્વરે કરવાની રહેશે.

આ નિવિદા અંગેની વધુ માહિતી અંગે કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી મળશે. ભાવો મંજુર કરવા કે ન કરતા તેના હક્કો અબાધિત રાખવામાં આવે છે.

નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા × મ) પેટા વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૨૧૬/૨૦૨૬



**સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), સુરત**
**ઓન લાઈન ઈ.ટેન્ડરીંગ નોટીસ નંઃ સુડા/સીબી/૦૧/૨૦૨૬-૨૭**

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરત - ૩૯૫૦૦૭ દ્વારા માન્યશ્રીની નોંધાયેલ ઇજારદારો / એજન્સીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.કામની વધુ વિગતો Website https://suda.nprocure.com and https://www.nprocure.com પર તા.૩૧/૦૮/૨૦૨૬ સુધી જોવા મળશે.

| અ. નં. | કામનું નામ | કામની સંખ્યા |
|---|---|---|
| ૧ | CONSTRUCTION OF E.W.S.-II TYPE- 972 HOUSES AT T.P. NO.- 48 (KHOLVAD) F.P. NO.- 227 UNDER AHP COMPONENT OF PMAY-2.0 (U) IN SUDA, SURAT, GUJARAT. | ૧ |

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત

ક્રમાંક . માહિતી-સૂરત/૪૪૩/૨૦૨૬